# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** (૧) નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૧.૦૫.૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈસેલ.
(૨) ભારત સરકારના તા.૧૫.૦૪.૨૦૧૩ના રોજ પ્રસિધ્ધ કરેલ ઓફીસ મેમોરેન્ડમ

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ ૪–૧(ખ)હેઠળના પ્રો–એકટીવ ડીસ્કલોઝરબાબત.**

## –:: પરિપત્ર ::–

માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૪(૧)(ખ) ની જોગવાઈ મુજબ મુદ્દા નં. ૧ થી ૧૭ની માહિતી દર વર્ષે ૧–મે ની સ્થિતિએ દરેક જાહેર માહિતી અધિકારીશ્રીઓએ સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએકિટવ ડીસ્કલોઝર) (P.A.D.)ની અદ્યતન માહિતી તૈયાર કરી ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ કરવાની હોય છે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં. – (૧)ના પરિપત્રથી પ્રોએકિટવ ડીસ્કલોઝર (P.A.D.)નું ઈન્સ્પેકશન – કમ – ઓડીટ કરવા અંગેની સુચનાઓ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે નો અમલ કરવા બબતે અત્રેથી પરિપત્રો ધ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. વધુમાં વર્ષ દરમ્યાન કોઈપણ ઈવેન્ટ હોય તો તેને અદ્યતન કરવાની જવાબદારી જે તે જાહેર માહિતી અધિકારીશ્રીઓની રહે છે.

ભારત સરકારશ્રીના ઉકત વંચાણે લીધેલ ક્રમ નં. –૨ ના ઓફીસ મેમોરેન્ડમ સાથે માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૪(૧)(ખ) ની જોગવાઈ મુજબ મુદ્દા નં. ૧ થી ૧૭ની માહિતી તૈયાર કરવા બાબતે ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલ છે. જેનો દરેક જાહેર માહિતી અધિકારીશ્રીઓએ અમલ કરવા જણાવવામાં આવે છે. હવે પછી આગામી ૧ – મે ની સ્થિતિએ આ સાથે સામેલ ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ (પ્રોએકિટવ ડીસ્કલોઝર) (P.A.D.)ની અદ્યતન માહિતી તૈયાર કરી ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ કરવાની રહેશે.

ઈ/ચા.કુલસચિવ

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/RTI (P.A.D.)/ ૧૯૭૦-૨૦૪૮ /૨૦૧૫.**
**નવસારી.**
**તારીખઃ૦૯/૦૨/૨૦૧૫.**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ અપીલ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.
૨. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.